પી.ટી.સી. કોલેજોને લઘુમતિ દરજ્જાનું
પ્રમાણપત્ર આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- ટીસીએમ/૧૪૦૭/ ૧૯૮૦ /ન
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- 1 NOV 2007

વંચાણે લીધાઃ- (૧) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંકઃ- ટીસીએમ/૧૪૦૬/૨૧૨૯/ન, તા. ૭/૮/૦૬
(૨) પ્રા.શિ.નિ.ની કચેરીની સીંગલ ફાઈલથી કરેલ રજુઆત. તા.૧૨/૯/૦૭

**ઠરાવઃ-**

આમુખ ક્રમાંક-૧ માં દર્શાવેલ તા. ૭/૮/૦૬ ના પત્ર અન્વયે પી.ટી.સી. કોલેજો સંદર્ભે લઘુમતી સંસ્થા જાહેર કરવા અંગેનું પ્રમાણપત્ર(માઈનોરીટી સ્ટેટસ સર્ટીફીકેટ) આપવાની સત્તા નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ગાંધીનગરને આપવાનો નિર્ણય લેવામાં આવેલ. તેના સંદર્ભે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણએ લઘુમતી સંસ્થા જાહેર કરવા સંબધે કોઈ ગાઈડ લાઈન કે કયા એક્ટ/રૂલ્સ કે રેગ્યુલેશન હેઠળ ચકાસવાની બાબતો અંગે વિશેષ સ્પષ્ટતા અને માર્ગદર્શક સિધ્ધાંતો નિયત કરવા જણાવેલ. સદર બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પી.ટીસી. કોલેજો સંદર્ભે લઘુમતી દરજ્જાનું પ્રમાણપત્ર આપવા માટે કેન્દ્ર સરકારે ૨૦૦૪ ના વર્ષમાં ધી નેશનલ કમિશન ફોર માઈનોરીટી એજ્યુકેશનલ ઈન્સ્ટીયુશન્સ એક્ટ-૨૦૦૪ બનાવેલ છે. જે અન્વયે લઘુમતિ દરજ્જાનું પ્રમાણપત્ર આપવાની સત્તા આપવામાં આવેલ છે. જે ધ્યાનમાં લઈ સરકારે પુખ્ત વિચારણા કરી છે અને સદર એક્ટની કલમ ૨(ca) મુજબ લઘુમતી દરજ્જાનું પ્રમાણપત્ર આપવા માટે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણને કોમ્પીટન્ટ ઓથોરીટી તરીકે આથી જાહેર કરવામાં આવે છે. વધુમાં પી.ટી.સી. કોલેજોને લઘુમતિ દરજ્જાનું પ્રમાણપત્ર (માઈનોરીટી સ્ટેટસ સર્ટીફીકેટ) આપતી વખતે નીચે મુજબના માર્ગદર્શક ધોરણો રાખવાનુ આથી ઠરાવવામાં આવે છે.

૧. જયારે (સંસ્થા) ટ્રસ્ટની સ્થાપના થાય ત્યારે તેને ચલાવતા સભ્યો ભાષાકીય કે ધાર્મિક રીતે લઘુમતી કોમના હોવા જોઈશે.
૨. ભાષાકીય કે ધાર્મિક લઘુમતી કોમના હોવા અંગેના આધારીત પુરાવાઓ રજીસ્ટ્રેશન વખતે રજુ કરવાના રહેશે.
૩. ટ્રસ્ટના બંધારણમાં ભાષાકીય કે ધાર્મિક લઘુમતી કોમને ઉત્તેજન કે વિકાસ માટેનો ઉદ્દેશ હોવો જોઈશે.

૪. ટ્રસ્ટ લઘુમતી કોમ દ્વારા સ્થપાયેલ અને સંચાલન લઘુમતી ટ્રસ્ટ દ્વારા થતું હોવું જોઈશે.

૫. જયાં શૈક્ષણિક સંસ્થા આવેલ છે તે ચોકકસ વિસ્તારની વસ્તી ધ્યાને લેવાને બદલે રાજયની કુલ જે તે માઈનોરીટી વસ્તીને અરજદાર સંસ્થાની ભાષાકીય કે ધાર્મિક લઘુમતી નકકી કરતી વખતે ધ્યાને લેવાની રહેશે.

૬. કોઈ વ્યકિત કે જેની માતૃભાષા ગુજરાતી સિવાયની અન્ય છે તેને ભાષાકીય લઘુમતી અને જેનો ધર્મ હિન્દુ સિવાયનો છે તેને ધાર્મિક લઘુમતિ તરીકે ગણવાની બાબત ધ્યાને લેવાની રહેશે.

૭. ઉકત જણાવેલ સિવાયની બાબતો નામ. હાઈકોર્ટ/સુપ્રિમ કોર્ટના કોઈ ચુકાદાઓ હોય તો તે પણ ધ્યાને લેવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.(શિક્ષણ) મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગુજરાત રાજય ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ
- સિલેકટ ફાઈલ.